મહત્તમ : ૪૪.૯ ડીગ્રી
લઘુતમ : ૨૮.૩ ડીગ્રી
ભેજ
સવારે ૫૭ ટકા ● સાંજે ૧૭ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં ત્વચાને લગતા રોગોના દર્દીઓ વધ્યા

ગાંધીનગર સિવિલ ઓપીડીમાં દોઢસોથી બસો જેટલા દર્દીઓ નોંધાયા : ગરમી વધતા ત્વચાને લગતા રોગોમાં વધારો

ગાંધીનગર, તા. ૧૨

શહેરમાં ઘણા વર્ષો બાદ આટલી બધી ગરમી વર્તાઈ રહી છે. ગરમીનો પારો દિવસે ને દિવસે વધી રહ્યો છે. શહેરીજનો આ અસહ્ય ગરમીના કારણે ત્રાસી ગયા છે. સવારે ૯ વાગ્યાથી સાંજે ૭ વાગ્યા સુધી શહેરમાં ગરમીનો અનુભવ થઈ રહ્યો છે ત્યારે આ ઉકળાટભરી મોસમમાં વિવિધ પ્રકારની બિમારીઓ ચાલુ થઈ ગઈ છે. જેમાં ચામડીના રોગોમાં ઉછાળો નોંધાયો છે. ગાંધીનગર સિવિલમાં ઓપીડીમાં ચામડીના રોગોના દર્દીમાં ધરખમ વધારો નોંધાયો છે. અગાઉના દિવસોમાં ૭૫ જેટલા વિવિધ ચામડીના રોગોના દર્દીઓ નોંધાયા હતા જેમાં વધારો થઈને દોઢસોથી બસો જેટલા દર્દીઓ હાલમાં નોંધાયા છે. આ તો માત્ર સિવિલની વાત થઈ પ્રાઈવેટ હોસ્પિટલોમાં પણ ચામડીના રોગોના દર્દીઓની સંખ્યામાં વધારો નોંધાયો છે. હાલમાં ગરમીની સિઝન ચાલી રહી છે તડકામાં બહાર નીકળતા જ જાણે ત્વચા દાઝવા લાગે છે પરિણામે ત્વચા પર લાલ ચકામા, ચામડી પર ખંજવાળ, નાની-નાની ફોડલી, અળાઈ, ગુમડા, ધાધર, ફંગલ ઈન્ફેક્શન થઈ જાય છે.

વધુ પડતી ગરમીના કારણે પરસેવો ત્વચા પર થાય છે જેથી

ત્વચા પર એલર્જી થાય છે જેને લઈને ત્વચાનો રંગ લાલ થવા લાગે છે.

શહેરમાં ઊંચા તાપમાન વચ્ચે જોરદાર પવન ફૂંકાવાથી હીટવેવનો અહેસાસ થાય છે. હીટવેવના કારણે લૂ લાગવાથી બિમારીઓ વધી રહી છે. ગરમી વધવાની સાથે દર્દીઓની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. સૂર્યપ્રકાશમાં રહેલા અલ્ટ્રાવાયોલેટ કિરણો ત્વચાને નુકસાન પહોંચાડે છે. ઉનાળામાં તેની અસર નોંધપાત્ર રીતે વધી રહી છે.

ઉનાળામાં સવારના દસ વાગ્યાથી બપોરના ચાર વાગ્યા સુધી આ કિરણો વધુ ઘાતક બની જાય છે. જેના કારણે મોટા ભાગના લોકોને આવી સમસ્યા થવા લાગે છે. ઉનાળામાં ડૉક્ટરો દ્વારા સલાહ આપવામાં આવે છે કે નાગરિકોએ વધારે પાણી પીવું જોઈએ, તડકામાં નીકળતી વખતે શરીર ઢંકાયેલુ રહે તેવા સુતરાઉ કપડા પહેરવા જોઈએ. ગરમીમાં ડીહાઈડ્રેશનની સમસ્યા વધારે થાય છે. શહેરીજનો ગરમીમાં કોઈને કોઈ રીતે નાની મોટી બિમારીનો ભોગ બનતા સિવિલમાં દર્દીઓની સંખ્યા વધી રહી છે. જેમાં સૌથી વધારે ઓછુ પાણી પીવાથી શરીરમાં પાણીનું પ્રમાણ ઘટી જાય છે તેવા દર્દીઓ વધારે જોવા મળે છે. શહેરીજનોએ ઉનાળાની મોસમમાં ખવાતા ફળ ફળાદિ અને કુદરતી ઠંડા પીણાનું સેવન વધારવુ જોઈએ જેથી રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય અને રોગો સામે રક્ષણ મળી રહી છે.

હરસોલા વૈષ્ણવ વણિક સમાજના ગાંધીનગરના નવા હોદેદારોની વરણી

ગાંધીનગર, તા.૧૨

હરસોલા વૈષ્ણવ વણિક સમાજ, ગાંધીનગરના સભ્યો ની મીટીંગ ૧૦ મે ના રોજ સેક્ટર-૧, તળાવ ગાર્ડન ખાતે પ્રમુખ જસવંત ભાઈ ગાંધીના અધ્યક્ષ સ્થાને યોજાઇ હતી. જેમાં નવા હોદેદારો અને કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી હતી. અશ્વિન એમ. ગાંધી (પ્રમુખ), જય પ્રકાશ જી.શાહ (ઉપપ્રમુખ), ભાવેશ એન.શાહ (ઉપપ્રમુખ), કેતન પી.શાહ(મંત્રી), મિત્તલ પી.શાહ (સહમંત્રી), મિતેષ આઈ.શાહ (ખજાનચી), ડો.કાર્તિક મહેતા (કા.સભ્ય), તેજસ જે. ગાંધી (કા.સભ્ય), આશિષ વી.શાહ (કા.સભ્ય) તરીકે વરણી કરવામાં આવી હતી. આ સાથે જ્ઞાતિ આગેવાન તથા સંસ્થાના સ્થાપક પ્રમુખ જશવંત ગાંધીની સલાહકાર સભ્ય તરીકે વરણી કરવામાં આવી હતી.

બીએપીએસ સંસ્થા દ્વારા શેરી નાટકો દ્વારા વ્યસન મુકિતનો પ્રયાસ

વિશ્વ વંદનીય સંત પરમપૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી વર્ષ ઉપક્રમે બીએપીએસ સંસ્થા દ્વારા વિવિધ આયોજનો થઈ રહ્યા છે ત્યારે બીએપીએસ સંસ્થા દ્વારા એક મહત્ત્વનો પ્રોજેક્ટ શરૂ થયો છે અને તે છે (વિરાટ વ્યસન મુક્તિ અભિયાન) જેમા બીએપીએસ સંસ્થાના બાળમંડળના બાળકો દ્વારા વ્યક્તિગત સંપર્ક, સમુહ સંપર્ક, જાહેર સ્થળો ઉપર શેરી નાટકો દ્વારા વ્યસન કરવાથી શરીરમાં શું નુકશાન થાય છે?, પરિવારમાં શું નુકશાન થાય છે?, તેની સમજુતી નાના બાળકો દ્વારા આપવામાં આવે છે આવો જ એક સુંદર સંપર્ક અભિયાન સેક્ટર-૬ શોપિંગ સેન્ટરમાં યોજાઈ ગયો તેમાં સેક્ટર-૫ના બાળમંડળના બાળકો યજ્ઞ ઠાકોર, પરમ મિશ્રિત, પ્રાંશુ મિશ્રિત, કિશવ પરમાર, દિવ્ય પટેલ, પ્રિત પટેલ દ્વારા સુંદર રજૂઆત કરવામાં આવી હતી.

માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા કુડાસણ ખાતે વૃંદાવન બંગલો માં ભારતીબેનના નિવાસસ્થાને આનંદનો ગરબો યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં ભાવિ ભક્તોની ઉપસ્થિતિ રહી હતી.

ચિલ્ડ્રન્સ યુનિ. દ્વારા ગરીબ બાળકો માટે ૫૫૦૦ રમકડાં દાન : લિમ્કા બુક ઑફ રેકોર્ડ માટે દાવો

જિલ્લામાંથી રમકડાં એકત્ર કરવા ચલાવાઈ હતી ટૉય ડોનેશન ડ્રાઈવ

ગાંધીનગર, તા.૧૨

છેવાડાનાં ગરીબ બાળકો પણ રમકડાંથી રમતાં-રમતાં શીખી શકે તે હેતુથી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા સાડા પાંચ હજાર રમકડાનું દાન કરાયું છે. આ સાથે યુનિવર્સિટીએ દેશમાં સૌ પ્રથમ એક જ દિવસમાં, એક જ સ્થળ પર આટલાં બધાં રમકડાં દાન કર્યા હોવાનો રેકોર્ડ સર્જ્યો છે. જે અંગે લિમ્કા બુક ઑફ રેકોર્ડમાં સત્તાવાર અરજી પણ કરવામાં આવી છે.

ઘરોમાં પડી રહેતાં બિનઉપયોગી રમકડાં ગરીબ બાળકો સુધી પહોંચાડવા માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહની પ્રેરણાથી, કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિના માર્ગદર્શનમાં, ટૉય ઈનોવેશન ડિપાર્ટમેન્ટ તેમજ સમાજકાર્ય વિભાગ દ્વારા મેગા ટૉય ડોનેશન ડ્રાઈવ શરૂ કરાઈ હતી. ૫૧ દિવસ ચાલેલી ડ્રાઈવમાં સાડા પાંચ હજાર જેટલાં રમકડાં એકત્ર કરાયાં છે. આ તમામ રમકડાં ડોનેશનમાં આપવાનો કાર્યક્રમ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે ૧૨મી મેના રોજ યોજાયો. જેમાં માનનીય જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્ય, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહ, જિલ્લા શિક્ષણ અધિકારી ડૉ. ભરત વાઢેર, કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિ તેમજ જી.સી. મેમ્બર ડૉ. પ્રવીણભાઈ વાટલિયા ઉપસ્થિત રહ્યા. આ કાર્યક્રમમાં વિવિધ સરકારી શાળાઓ તેમજ વિવિધ એન.જી.ઓ. પણ જોડાઈ. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા એક જ સ્થળેથી આટલી વિશાળ સંખ્યામાં રમકડાં દાન થયા હોવાની ખાતરી જિલ્લા કલેક્ટર તેમજ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા કરાઈ. આ સાથે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીએ દેશમાં પહેલીવાર "લાર્જેસ્ટ ડોનેશન ઑફ ટૉય્ઝ : સિંગલ ડે, સિંગલ વેન્યૂ" પર થયાનો રેકોર્ડ સર્જ્યો હોવાનો દાવો પણ લિમ્કા બુક ઑફ રેકોર્ડ સમક્ષ કર્યો છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત માનનીય જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે, બિનઉપયોગી પડી રહેતાં રમકડાંને છેવાડાના બાળકો સુધી પહોંચાડવાનો વિચાર અને તેના માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીએ કરેલા પ્રયત્નો સરાહનીય છે. માનનીય કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહે કહ્યું કે, આ તમામ રમકડાં એન.જી.ઓ. અને સરકારી શાળાઓના માધ્યમથી ગરીબ બાળકો સુધી પહોંચાડવામાં આવશે. જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. ભરત વાઢેરે પણ બાળકોના સર્વાંગી વિકાસ માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા થઈ રહેલી કામગીરીની પ્રશંસા કરી હતી.

કડી સર્વ વિશ્વ વિદ્યાલય ખાતે રિધમિક યોગાની ઈવેન્ટ યોજાઈ

ગાંધીનગર, તા.૧૨

કડી સર્વ વિશ્વ વિદ્યાલયના મેન્ટર હેલ્થ અને વેલનેસ સેલ તથા ડિપાર્ટમેન્ટ ઓફ ફિઝિકલ એજયુકેશન અને એડવેન્ચર સેલનાં સંયોજિત પ્રયત્નોથી યુવાનોને શારીરિક અને માનસિક સ્વસ્થતા પ્રદાન કરવા અને યોગા પ્રત્યે યુવા વર્ગને આકર્ષિત કરવા રિધમિક યોગાની ઈવેન્ટ યોજાઈ હતી. ઈવેન્ટના મુખ્ય અતિથિ વિશેષ ગાંધીનગરના જાણીતા એવા જગતભાઈ કરાની તથા નટુભાઈ લાડાણીએ ઉપસ્થિત રહી સ્પર્ધકોને પ્રોત્સાહીત કર્યા હતા. નિર્ણાયકની ભૂમિકામાં નિકિતા રામ તથા પ્રેરણા તિવારીએ મહત્વનો ફાળો આપ્યો હતો.

કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ટરનેશનલ રિલેશનનાં ડાયરેકટર અને મેન્ટલ હેલ્થ અને વેલનેસ સેલનાં કો ઓર્ડીનેટર ડૉ. જીનલ જોશી, ડિપાર્ટમેન્ટ ઓફ ફીઝીકલ એજયુકેશન અને એડવેન્ચર સેલ અને રિધમીક યોગાના મુખ્ય કો ઓર્ડીનેટર નોરીન જોસ વૈયન્ના, ડાયરેકટર ડૉ. રણછોડ રથવી અને એ વિભાગના અન્ય સહકર્મી ડૉ. હરીશ વનાર, હર્ષ પટેલ, હર્ષદ ચૌધરી, ભાવિક પંડયા તેમજ રિધમીક યોગા ઈવેન્ટના સ્વયંમ સેવકો મીત ગુણા, દીશા પટેલ, પ્રિયા લાડાણી આ તમામના બહુમુલ્ય પ્રયત્નો થકી આયોજિત આ ઈવેન્ટમાં ૨૦૦થી વધુ પ્રતિસ્પર્ધીઓ વચ્ચે દિશાર્થી કસોડિયા-વિભૂતિ પટેલની જોડી વિજેતા બની હતી.

આજે સ્પેશિયલ ખેલ મહાકુંભમાં ભાગ લેવા માટે ગાંધીનગરની ટીમ અમદાવાદ જશે

ગાંધીનગર, તા.૧૨

સ્પેશિયલ ખેલ મહાકુંભ અંતર્ગત મનોદિવ્યાંગ ખેલાડીઓ માટેની રમતગમત સ્પર્ધા આગામી તા. ૧૩થી ૧૫ મે દરમિયાન અમદાવાદ ખાતે યોજાઈ રહી છે, જેમાં ભાગ લેવા માટે ગાંધીનગર જિલ્લાના ૧૨૪ ખેલાડીઓ શુક્રવારે રવાના થઈ રહ્યા છે.

વિશિષ્ટ પ્રશિક્ષક જિજ્ઞેશ રાવલના માર્ગદર્શન હેઠળ પૌરીન પટેલ ગાંધીનગર જિલ્લાની આ ટીમનું નેતૃત્વ કરી રહ્યા છે. ટીમમાં સામેલ ખેલાડીઓ હેન્ડબોલ, ફુટબોલ, સોફટબોલ, એથ્લેટિકસ, સ્વિમિંગ, ટેબલ ટેનિસ, રોલર સ્કેટિંગ અને બોચી જેવી રમતોમાં ભાગ લેશે.

ઉલ્લેખનીય છે કે આ ખેલાડીઓ જિલ્લાકક્ષાએ રમતોમાં વિજેતા બન્યા છે અને હવે રાજયકક્ષાએ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરવા જઈ રહ્યા છે.

ગાંધીનગર જિલ્લા રમત ગમત અધિકારી મહેશભાઈ પટેલે રાજયકક્ષાના વિશિષ્ટ ખેલ મહાકુંભમાં ભાગ લેવા જઈ રહેલા ખેલાડીઓની ટીમને શુભકામનાઓ પાઠવી હતી.

શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ દ્વારા અનએકડમીના નિષ્ણાંતો દ્વારા કરિયર કાઉન્સિલિંગ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને વિવિધ ક્ષેત્રોના ભાવિ અવકાશ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ સેમિનારમાં ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા અને કેમ્પસ ડાયરેક્ટર ડૉ. રવિકુમારે નર્સિંગ વિભાગને સફળતાપૂર્વક સેમિનાર યોજવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

ડીજીટલ યુગમાં દુનિયા નજીક આવી પણ સંબંધો દૂર તણાયા

મા-બાપને બાળકો માટે ટાઈમ નથી કે બાળકોને મા-બાપ માટે ટાઈમ નથી તમામ માણસો મોબાઈલ યુગમાં મશીન બનતા જાય છે

ગાંધીનગર, તા. ૧૨

મોબાઈલના યુગમાં દુનિયા નજીક આવી છે પણ સંબંધો દૂર તણા તણાયા છે. મા-બાપને બાળકો માટે ટાઈમ નથી કે આજના બાળકોને મા-બાપ માટે ટાઈમ નથી. સાથે તો બેસે છે પરંતુ એક બીજા માટે સમય નથી. જે આવ્યું તે વાચ્યું ન વાંચ્યું ફટાક ડિલીટ થાય છે આ મોબાઈલ યુગની ખૂબી છે. ગિલ્લી દંડા-સંતાકુકડી ભુલી બાળકો પબ્જી ગેમમાં સપડાયા છે. આજના આધુનિક જમાનમાં વધુ પડતો સમય મોબાઈલમાં વેડફાઈ જતો હોય છે. જમાનો બદલાતો ગયો એમ આપણો સમય પણ વ્યસ્ત થતો ગયો. આધુનિક જમાનામાં સોશિયલ મીડિયાનો ક્રેઝ સ્પીડની ગતિની જેમ વધી ગયો છે. યુવાધન સોશિયલ મીડિયામાં વધુ પડતા જોવા મળતા હોય છે. દિવસના ચોવીસ કલાકમાંથી ત્રણથી પાંચ કલાક તો પોતાનો કિંમતી સમય મોબાઈલમાં વેડફી નાખતા હોય છે.

જમાનો હવે ડિજિટલ યુગનો આવ્યો છે જેમાં તહેવારો અને વ્યવહારો મોબાઈલ દ્વારા જ સાચવી લેવામાં આવે છે. માણસ ધીરે ધીરે મશીન બનતો જાય છે. ને મશીનો ધીરે ધીરે માણસનું કામ કરતા થતા જાય છે. આજનો માણસ રમત છોડી મોબાઈલ રમતો થયો, સપનાઓ પાછળ ભાગી પોતાનાને જ ભૂલતો થયો, ખાતો થયો એકમેકથી આગળ વધવા ખુદ કપટી બનતો ગયો.

હજારો દુઃખો છુપાવી જમાના સામે સેલ્ફી લેતો થયો, રોટલી, ખીચડી ત્વજી પિત્ઝા બર્ગર દવાખાનામાં આજુબાજુમાં પરિવારના જ માણસો બેઠા હોય પરંતુ દરેક વ્યક્તિ પોતાના ફોનમાં મોબાઈલ ફોન આવ્યા ત્યારથી તો આ હા...હા...નાનુ ટેણિયું રોતુ હોય અને તમે જો મોબાઈલ પર મસગુલ બનેલો જોવા મળે છે. આ અવનવી ટેકનોલોજી ધરાવતા સારૂ એવું ગીત વગાડવાનું ચાલુ કરી દો પછી જુઓ આ મોબાઈલની કમાલ. હવે તો નાના બાળકોને પણ મોબાઈલની તમામ સિસ્ટમ આવડી જાય છે. મોબાઈલ યુગ એ દયાભાવને નેવે મુકયો છે. અકસ્માત જેવી ગંભીર ઘટનાઓ વખતે ઈજાગ્રસ્તને સારવાર માટે લઈ જવાના બદલે ફોનમાં વિડિયો અને ફોટા ક્લીક કરવાનું ચૂકતા નથી. પરિવાર સાથે કે મિત્રો સાથે પ્રવાસમાં જાય ત્યારે મોબાઈલમાં જ સમગ્ર પ્રવાસ સેવ કરીને પાછા આવી જાય છે અને ખરેખરમાં પ્રવાસ માણવાનું તો ભૂલી જ જાય છે. જ્યારે પહેલાના યુગમાં મન ભરીને એક એક ક્ષણની મોજ માણવામાં આવતી હતી.

જન્મદિને વધામણી

કુંદનસિંહ જયોતેન્દ્રસિંહ ચાવડા
મો. ૯૯૨૪૦ ૯૬૭૪૧

પી એચ ગોહિલ
એડવોકેટ, એક્ઝી. કમિટી મેમ્બર, શિવરંજની સંસ્થા

પટેલ નકક્ષી પ્રતિક

અખિલેશ તિવારી
મો. ૯૯૨૫૯ ૧૦૨૪૮

ડો. કવિન ભટ્ટ
હોમીયોપથી, રેડક્રોસ ગાંધીગનર

અલય હિતલ પારેખ
મો. ૯૯૯૮૮ ૧૬૪૦૬

સુખડીયા જિમિત કોશિકભાઈ
મો. ૮૩૪૭૫ ૯૯૦૫૧

નિશાબેન રાજેશભાઈ ચૌહાણ
મો. ૯૯૦૯૨ ૯૪૬૪૬

પ્રાર્થી કમલેશભાઈ પ્રજાપતિ
મો. ૭૪૦૫૭ ૫૯૨૪૦

દિસી જોશી
લાયન્સ કલબ ઓફ ફેમીના, ગાંધીનગર

ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ. પટેલ ડાહ્યાભાઈ કેશવલાલ,** ઉ.વ. ૮૨, સેકટર-૨૨
- **સ્વ. ઠાકોર રેશમબેન ભુપતાજી,** ઉ.વ. ૮૫, વાવોલ
- **સ્વ. ઠાકોર શાંતાબેન અમાજી,** ઉ.વ. ૬૫, રાંધેજા
- **સ્વ. મૌલિક જીવણલાલ,** ઉ.વ. ૨૬, કોલવડા
- **સ્વ. જાદવ મુકતાબેન જયંતિલાલ,** ઉ.વ. ૭૪, સેકટર-૨
- **સ્વ. રાઠોડ વિમળાબા કનુજી,** ઉ.વ. ૫૬, બોરીજ